ક્રમાંક:પ્રાશિનિ/નીતિ/12/ક/
પ્રાથમિક શિક્ષણ નિયામકની કચેરી,
બ્લોક-12/1, ડૉ.જી.મ.ભવન,
ગાંધીનગર.
તા. 19/07/2012

પ્રતિ,
**જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી,**
જિલ્લા શિક્ષણ સમિતિ, **(તમામ)**
**શાસનાધિકારીશ્રી,**
નગર શિક્ષણ સમિતિ, **(તમામ)**

વિષયઃ મુખ્ય શિક્ષકની સીધી ભરતીથી નિમણૂક કરવા બાબત.

**સંદર્ભઃ** આ કચેરીના પત્રાંકઃ પ્રાશિનિ/નીતિ/12/ક/, તા.13/07/2012.

ઉપરોક્ત વિષય અને સંદર્ભ પરત્વે જણાવવાનું કે મુખ્ય શિક્ષકની સીધી ભરતી માટે સ્થળ પસંદગી અને નિમણૂક હુકમ આપવા અત્રેથી સૂચના આપેલ હતી. આ અંગે સ્પષ્ટતા કરતા જણાવવાનું કે સીધી ભરતીથી નિમણૂક આપવા માટે ઉમેદવારોની યાદી અત્રેથી આપને મોકલી આપેલ છે. આ અંગેનું જરૂરી રેકર્ડ પણ આપને આપેલ છે. જિલ્લા પસંદગી સમિતિ દ્વારા આ ઉમેદવારોના પ્રમાણપત્રોની ચકાસણી અને રૂબરૂ સમાલાપ અંગેની કાર્યવાહી પૂર્ણ કરી પસંદગી યાદી તૈયાર કરેલ હશે. આ ઉમેદવારોને જિલ્લા કક્ષાએ સ્થળ પસંદગી તેમજ નિમણૂક હુકમો હાલ તુરત ન આપવા જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી/શાસનાધિકારીશ્રીઓની તા.13/07/2012 ની મિટીંગમાં સૂચના આપેલ હતી.

બઢતીથી મુખ્ય શિક્ષકની નિમણૂકની કાર્યવાહી તા.31/08/2012 સુધીમાં પૂર્ણ કરવા અત્રેથી સૂચના આપવામાં આવેલ છે. હવે રાજ્ય સરકાર દ્વારા મુખ્ય શિક્ષકની નિમણૂક બાબતે સીધી ભરતી અને બઢતીથી જે નિમણૂકો આપવાની થાય છે, તે નિમણૂકો એક સાથે જ આપવી તેમ નક્કી થયેલ છે. આ પ્રક્રિયા તા.31/08/2012 સુધીમાં પૂર્ણ કરવા સૂચના આપવામાં આવે છે.

આ અગાઉ અત્રેથી આપેલ બઢતી અંગેનો કાર્યક્રમ રદ ગણવો અને આ સાથે આપેલ સૂચિત કાર્યક્રમ મુજબ બઢતી અંગેની કામગીરી કરવાની રહેશે.

(ડૉ.ભરત પંડિત)
નાયબ શિક્ષણ નિયામક
ગુ.રા., ગાંધીનગર.

PAM/2012/BDPE